 ISSN: 2349-6002

# સ્વાધ્યાય પ્રવૃત્તિ અને આદિવસી યુવાનો -એક સમાજશાસ્ત્રીય અભ્યાસ" (છોટા ઉદેપુર જિલ્લાના વિસાડી ગામના સંદર્ભમાં)

ડો.મનજીભાઈ ગણેશભાઈ ચૌહાણ

*[M.A., B. ed, M.Phil., Ph.D.] કોલેજ: - શ્રી એકલવ્ય આર્ટસ, રૂરલ એન્ડ સોશ્યલ સાયન્સ કોલેજ, હરીપુરા*

doi.org/10.64643/IJIRTV12I8-191431-459

*સાર સંક્ષેપ*—પ્રસ્તાવના-આધુનિક યુગમાં માણસ સ્વાર્થ વગર ડગલું પણ ભરતો નથી, તેવાં સમયમાં પૂજય પાંડુરંગશાસ્ત્રી આઠવલેની સ્વાધ્યાય પ્રવૃત્તિ દ્વારા સમાજમાં વૈયક્તિક, કૌટુંબિક, સામાજિક, ધાર્મિક ક્ષેત્રે તેમજ લોકોની જીવન જીવવાની રીતભાત, જીવનશૈલી, રહેણીકરણી વગેરેમાં પરિવર્તન આવેલું છે.

સંશોધન વિષયની પસંદગી કરતી વખતે સંશોધક સામે વિષયોની વણઝાર હોય છે. મેં પૂજય પાંડુરંગશાસ્ત્રી આઠવલે પ્રેરિત સ્વાધ્યાય પ્રવૃત્તિથી માનવ સમુદાયમાં આવેલું પરિવર્તન જોઈને સંશોધન કાર્ય માટે “સ્વાધ્યાય પ્રવૃત્તિ અને આદિવસી યુવાનો -એક સમાજશાસ્ત્રીય અભ્યાસ" (છોટા ઉદેપુર જિલ્લાના વિસાડી ગામના સંદર્ભમાં) આ વિષય પસંદ કર્યો છે, કારણ કે આધુનિક યુગમાં સ્વાધ્યાય પ્રવૃત્તિ સર્વવ્યાપકપણે જોવા મળે છે. જેનાથી પ્રવર્તમાન સમયમાં સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક તેમજ વ્યક્તિગત, કૌટુંબિક અને રાષ્ટ્રીયસ્તરે પરિવર્તન આવેલ છે. “સ્વાધ્યાય એ જાહેરાત નથી, વિજ્ઞાતાનું પ્રદર્શન નથી, બે ઘડીની મોજ નથી, ચલકચલાણું નથી, સમાપ્તિમાં શું મળશે તે વિચાર નથી, કમિટિ કે સમિતિ નથી, પરંતુ ભગવાન દૂર નથી, આપણી સાથે છે. એવી સમજણ ઉભી કરાવે."

- હેતુઓ

➢ સ્વાધ્યાય પ્રવૃત્તિથી આદિવસી યુવાનોમાં આવેલું સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક પરિવર્તન જાણવાનો હેતુ.

➢ સ્વાધ્યાય પ્રવૃત્તિથી આદિવસી યુવાનોમાં આવેલું આર્થિક અને શૈક્ષણિક પરિવર્તન જાણવાનો હેતુ.

- સંશોધન પદ્ધતિઓ

સંશોધનમાં પ્રાથમિક માહિતીના એકત્રીકરણ માટે નિરીક્ષણ, મુલાકાત, નિદર્શન, પ્રશ્નાવલી જેવી પદ્ધતિઓ ઉપયોગ કરવામાં આવ્યો છે, જયારે ગૌણ માહિતીના એકત્રીકરણ માટે ગ્રંથાલય અને કમ્પ્યુટર જેવી પદ્ધતિઓ ઉપયોગી કર્યો છે.

- તારણો

➢ સ્વાધ્યાય પ્રવૃત્તિ સાથે જોડાવાથી અંધશ્રદ્ધાનું પ્રમાણ ઓછું થયું છે.

➢ પ્રસ્તુત અભ્યાસ પરથી જાણવા મળે છે કે કુટુંબ પ્રાર્થનાથી ઘરમાં એકયતા આવી, વ્યસનનું પ્રમાણ ઓછું થયું છે.

➢ આ સમાજમાં ભૌતિક સુખસગવડના સાધનોનું પ્રમાણ વધતું જાય છે.

➢ પ્રસ્તુત અભ્યાસમાં મજૂરી કરતા ઉત્તરદાતાનું પ્રમાણ વધુ છે.

આ સંશોધનનું વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્ર માટે મહત્વ તથા મર્યાદા જેવાં વિવિધ સંશોધન પાસાંઓની વિસ્તૃત ચર્ચા પરથી ફલિત થાય છે, કે આદર્શ અને સુદ્રઢ સમાજના નિર્માણ માટે વ્યકિત સમાજ અને રાષ્ટ્રને ખરા અર્થમાં સ્વાધ્યાથી થવું જોઈએ અને ઈચ્છિત દિશામાં વિકાસ સાધવો જોઈએ છે.

*કીવર્ડ*—સ્વાધ્યાય પ્રવૃત્તિ, પરિવર્તન, કુટુંબ, આદિવસી સમુદાય, પાર્થના.

## I. પ્રસ્તાવના

પૃથ્વી પર જયાં જયાં પણ મનુષ્ય રહે છે ત્યાં સમાજ છે. આ પ્રવર્તમાન સમાજમાં સમસ્યાઓના ઉકેલ માટે મહદ અંશે સંશોધન ચાવીરૂપ બને છે. સંશોધન જેવું મહત્વપૂર્ણ અને ઝીણવટભર્યું કાર્ય શરૂ કર્યા પૂર્વે સંશોધન શું છે? તે જાણવું અત્યંત આવશ્યક હોય છે. સરળ શબ્દોમાં કહીએ તો વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા પ્રવર્તમાન જ્ઞાનમાં વૃદ્ધિ કરતા મૌલિક પ્રદાનને સંશોધન કહેવામાં આવે છે. સંશોધનને પરિભાષિત કરવા અનેક વિદ્વાનોએ કરેલાં પ્રયાસોનું વિચાર ચિત્રણ નીચે મુજબ કરી શકાય.

જહોડાના મતે

"સંશોધનનો હેતુ વૈજ્ઞાનિક પદ્ધતિના ઉપયોગ દ્વારા પ્રશ્નોના ઉત્તર શોધવાનો છે."

આધુનિક યુગમાં માણસ સ્વાર્થ વગર ડગલું પણ ભરતો નથી તેવાં સમયમાં પૂજય પાંડુરંગશાસ્ત્રી આઠવલેની સ્વાધ્યાય પ્રવૃત્તિ દ્વારા સમાજમાં વૈયક્તિક, કૌટુંબિક, સામાજિક, ધાર્મિક ક્ષેત્રે

 ISSN: 2349-6002

લોકોના જીવનમાં પરિવર્તન જોવા મળે છે, તેમાં લોકોની જીવન જીવવાની રીતભાત, જીવનશૈલી, રહેણીકરણી વગેરેમાં પરિવર્તન આવેલું છે. પૂજય પાંડુરંગશાસ્ત્રીએ દરેક માણસમાં પરિવર્તન આવે તે માટે પ્રયોગો આપેલાં છે, જેમાં સ્વાધ્યાય કેન્દ્ર, યુવાકેન્દ્ર, બાળસંસ્કાર કેન્દ્ર મહિલા કેન્દ્ર, માનહાર કેન્દ્ર, યોગેશ્વરકૃષિ, વૃક્ષમંદિર, હિરામંદિર, પ્રાર્થના મંદિર, ઘર મંદિર જેવાં પ્રયોગોથી માણસમાં રહેલી નિપૂણતા બહાર લાવી સ્વાધ્યાયથી પરિવર્તન લાવ્યા છે. આ સ્વાધ્યાયમાં ભાવફેરી, ભક્તિફેરી અને તીર્થયાત્રા દ્વારા લાખો સ્વાધ્યાયી લોકો ગામડે-ગામડે અને ઘરે-ઘરે જઈ શ્રીમદભગવદગીતાના વિચારોથી માણસના જીવનમાં ઉત્સાહ, સ્ફૂર્તિ અને ચૈતન્ય ભર્યા છે, જેનાથી સમાજ જીવનમાં પરવિર્તન આવેલું છે. પ્રસ્તુત અભ્યાસમાં છોટા ઉદેપુર જિલ્લાના વિસાડી ગામમાં ચાલતી પૂજય પાંડુરંગશાસ્ત્રી આઠવલેની સ્વાધ્યાય પ્રવૃત્તિથી ગ્રામિણ સમુદાયમાં આવેલાં પરિવર્તન પર અભ્યાસ કરવાનો પ્રયત્ન હાથ ધરવામાં આવશે.

## II. સંશોધન વિષયની પસંદગી

સંશોધન વિષયની પસંદગી કરતી વખતે સંશોધક સામે વિષયોની વણઝાર હોય છે. મેં પૂજય પાંડુરંગશાસ્ત્રી આઠવલે પ્રેરિત સ્વાધ્યાય પ્રવૃત્તિથી લોકોમાં આવેલું પરિવર્તન જોઈને સંશોધન કાર્ય માટે “સ્વાધ્યાય પ્રવૃત્તિ અને આદિવસી યુવાનો -એક સમાજશાસ્ત્રીય અભ્યાસ" (છોટા ઉદેપુર જિલ્લાના વિસાડી ગામના સંદર્ભમાં) આ વિષય પસંદ કર્યો છે, કારણ કે આધુનિક યુગમાં સ્વાધ્યાય પ્રવૃત્તિ સર્વવ્યાપકપણે જોવા મળે છે. જેનાથી પ્રવર્તમાન સમયમાં સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક તેમજ વ્યક્તિગત, કૌટુંબિક અને રાષ્ટ્રીયસ્તરે પરિવર્તન આવેલું છે. આજે માણસ અંધશ્રદ્ધા, વહેમ, રૂઢિ-રિવાજ તેમજ દારૂ, જુગાર, પાન-માવા, બીડી જેવાં વ્યસનના વમળમાં ગૂંચવાયેલા લોકોમાં સ્વાધ્યાય પ્રવૃત્તિથી પરિવર્તન આવ્યું છે.

## III. સંશોધનમાં ઉપયોગમાં લીધેલા ખ્યાલો અને વ્યાખ્યાઓ

- સ્વાધ્યાય એટલે શું ?

પાંડુરંગશાસ્ત્રી આઠવલેના મતે “સ્વાધ્યાય તો દેવ છે, સ્વાધ્યાય શબ્દ બ્રહ્મ જેવો વ્યાપક છે. સ્વાધ્યાયની વાત હૃદયની છે, તેને લખીને ન્યાય ન અપાય" “સ્વાધ્યાય એ જાહેરાત નથી, વિજ્ઞાતાનું પ્રદર્શન નથી, બે ઘડીની મોજ નથી, ચલકચલાણું નથી, સમાપ્તિમાં શું મળશે તે વિચાર નથી, કમિટિ કે સમિતિ નથી, પરંતુ ભગવાન દૂર નથી આપણી સાથે છે, એવી સમજણ ઉભી કરાવે છે."

- સ્વાધ્યાયીનો અર્થ

પૂજય પાંડુરંગશાસ્ત્રી આઠવલે દ્વારા સમાજમાં સામાન્ય વર્ગના લોકો પાસે જઈને ભગવાનના વિચારો આપીને તેમના જીવનમાં ભાવ, પ્રેમ અને ઉત્સાહ ભરીને સમાજમાં પરિવર્તન લાવ્યા છે. તેમણે દરિયાકાઠાંના ગામડાના માછીમારોને કહયું કે આ માછલી મારવી તે પાપનો ધંધો નથી, પરંતુ તમારા બાપનો ધંધો છે. તેથી ધંધો કરતા-કરતા પણ સ્વાધ્યાય કરી શકો છો. પ્રભુકાર્ય કરી પ્રભુને જીવન ધરી શકો છો. આ વાત ગામડે-ગામડે અને ઝૂંપડે-ઝૂંપડે લઈ જનાર સ્વાધ્યાયી તરીકે ઓળખાય છે."

- સામાજિક પરિવર્તનનો અર્થ

સામાજિક પરિવર્તન પ્રત્યેક સમાજની એક સહજ પ્રક્રિયા છે. તેથી કોઈપણ સમાજના અથાર્થ અભ્યાસમાં સમાજશાસ્ત્રીઓ સામાજિક પરિવર્તનને સમજવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સામાજિક સંબંધો સામાજિક સંસ્થાઓ અને સમગ્ર પણે કહીએ તો સમાજ રચના ઉપર વિભિન્ન પરિબળોની અસર થયા કરે છે અને આ પરીબળો સમાજમાં પરિવર્તન નિપજાવે છે. આમ, સામાજિક પરિવર્તન માનવસમાજમાં જોવા મળતી એક સાર્વત્રિક અને સહજ પ્રક્રિયા છે.

કિંગ્સલે ડેવિસના મતે “સામાજિક સંગઠનમાં એટલે કે સમાજની રચના અને કાર્યમાં થતા ફેરફારો એટલે સામાજિક પરિવર્તન."

## IV. સંશોધન અભ્યાસના હેતુઓ

જયારે કોઈપણ સંશોધક વિષયને સંશોધન વિષય તરીકે પસંદ કરે છે, ત્યારે તેની પાછળ કઈંક આશય રહેલો જ હોય છે. કોઈપણ કાર્યની સફળતાનો આધાર સંશોધનના હેતુઓ પર હોય છે. હેતુઓથી સંશોધક અને સંશોધનને ચોક્કસ દિશા મળે છે. આ વિષયના હેતુઓ નીચે મુજબ છે.

૪.૧ સ્વાધ્યાય પ્રવૃત્તિથી આદિવસી સમુદાયમાં આવેલું સામાજિક પરિવર્તન જાણવાનો હેતુ.

૪.૨ સ્વાધ્યાય પ્રવૃત્તિથી આદિવસી સમુદાયમાં આવેલું સાંસ્કૃતિક પરિવર્તન જાણવાનો હેતુ.

૪.૩ સ્વાધ્યાય પ્રવૃત્તિથી આદિવસી સમુદાયમાં આવેલું આર્થિક પરિવર્તન જાણવાનો હેતુ.

૪.૪ સ્વાધ્યાય પ્રવૃત્તિથી આદિવસી સમુદાયમાં આવેલું શૈક્ષણિક પરિવર્તન જાણવાનો હેતુ.

૪.૫ સ્વાધ્યાય પ્રવૃત્તિથી આદિવસી સમુદાયમાં આવેલું ધાર્મિક પરિવર્તન જાણવાનો હેતુ.

## V. સંશોધન અભ્યાસની ઉપકલ્પનાઓ

ઉપકલ્પના એ સંશોધનની શરૂઆત કરતી વખતે પરિણામો તરફ આગાહી કરતા કામચલાઉ વિધાનો છે. ઉપકલ્પના સંશોધકને સંશોધન માટે દીવાદાંડીની ગરજ સારે છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં ઉપકલ્પનાઓ નીચે મુજબ બાંધવામાં આવી છે.

૫.૧ સ્વાધ્યાય પ્રવૃત્તિથી આદિવસી સમુદાયમાં સામાજિક પરિવર્તન આવેલું છે.

૫.૨ સ્વાધ્યાય પ્રવૃત્તિથી આદિવસી સમુદાયમાં આર્થિક સ્તર ઉંચું આવ્યું છે.

૫.૩ સ્વાધ્યાય પ્રવૃત્તિથી આદિવસી સમુદાયમાં રશૈક્ષણિક સ્તર ઉંચું આવ્યું છે.

૫.૪ સ્વાધ્યાય પ્રવૃત્તિથી આદિવસી સમુદાયમાં ધાર્મિક પ્રવૃત્તિમાં બદલાવ આવે છે.

૫.૫ સ્વાધ્યાય પ્રવૃત્તિથી આદિવસી સમુદાયમાં સાંસ્કૃતિક પરિવર્તન આવેલું છે.

## VI. સંશોધનનું ક્ષેત્ર પરિચય

સંશોધન વિષયને અનુરૂપ ક્ષેત્રની પસંદગી કરવી એ પણ સંશોધન યોજનામાં મહત્વપૂર્ણ બાબત છે. સંશોધન યોજનાને સુવ્યવસ્થિત સ્વરૂપ આપવા માટે અને સ્પષ્ટ બનાવવા માટે સંશોધનક્ષેત્રનો નિર્દેશ આવશ્યક બની જાય છે. પ્રસ્તુત સંશોધનમાં છોટા ઉદેપુર જિલ્લાના વિસાડી ગામમાં રહેતાં સ્વાધ્યાથી લોકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવશે. સ્વાધ્યાયનો વ્યાપ ખૂબ જ વધ્યો છે, પરંતુ સ્વાધ્યાયી વ્યક્તિઓના સમગ્ર વિશ્વવ્યાપમાંથી છોટા ઉદેપુર જિલ્લાના વિસાડી ગામને નમૂના તરીકે પસંદ કરવામાં આવેલ છે.

આ વિસાડી ગામમાં ૯૭% આદિવસી સમાજના લોકો રહે છે. ગામમાં પ્રાથમિક શાળા, ગ્રામ પંચાયત, આંગણવાડી, પાણીની સુવિધા પણ છે. તેમજ ગામના ૯૦% લોકો મજૂરી પર નભે છે. આ ગામમાં વ્યસનનું પ્રમાણ ખૂબ જ ઓછું છે, જેમાં દારૂ, જુગાર, પાન-માવા, ગુટખા અને જુગારનું પ્રમાણ ઓછું જોવા મળે છે. આ ગામમાં સ્વાધ્યાય પ્રવૃત્તિના વિવિધ પ્રયોગો છે, જેમાં સ્વાધ્યાય કેન્દ્ર યુવા કેન્દ્ર, મહિલા કેન્દ્ર, બાલસંસ્કાર કેન્દ્ર તેમજ આ ગામમાં યોગેશ્વર કૃષિનો અને ઘર મંદિરનો પણ પ્રયોગ છે. જેનાથી લોકોમાં પરિવર્તન આવેલું છે.

પ્રસ્તુત અભ્યાસમાં છોટા ઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના વિસાડી ગામમાંથી ૫૦ સ્વાધ્યાયી ઉત્તરદાતાને આકસ્મીક નિદર્શન પદ્ધતિ દ્વારા પસંદ કરવામાં આવશે.

## VII. સંશોધન અભ્યાસની પદ્ધતિઓ અને માહિતી એકત્રીકરણના સ્ત્રોતો

સંશોધન વિષય પસંદ કર્યા પછી મહત્વનો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે કઈ પદ્ધતિના ઉપયોગ દ્વારા માહિતી એકત્ર કરવી? સંશોધનમાં પ્રાથમિક માહિતીના એકત્રીકરણ માટે નિરીક્ષણ, મુલાકાત, નિદર્શન, પ્રશ્નાવલી જેવી પદ્ધતિઓ ઉપયોગી છે, જયારે ગૌણ માહિતીના એકત્રીકરણ માટે ગ્રંથાલય અને કમ્પ્યુટર જેવી પદ્ધતિઓ ઉપયોગી છે.

૭.૧ નિરીક્ષણ પદ્ધતિ

સંશોધક સંશોધન વિષયના અનુસંધાનમાં જે કાંઈ જુએ તેના ધ્યાન ઉપર આવતી માહિતીની નોંધ લે છે. હકિકતો એકત્ર કરે તે નિરીક્ષણ છે. પ્રસ્તુત અભ્યાસમાં નિરીક્ષણ દ્વારા ઉત્તરદાતા માહિતી આપતા સમયે તેમનો હાવભાવ, સંસ્કૃતિ વગેરે નિરીક્ષણ દ્વારા સાચી અને સ્પષ્ટ માહિતી મેળવવામાં આવશે.

૭.૨ મુલાકાત અને મુલાકાત અનુસૂચિ

મુલાકાત સંશોધક માહિતીદાતાને રૂબરૂ મળીને સંશોધન વિષયના અનુસંધાનમાં પહેલેથી જ નક્કી કરેલાં નિશ્ચિત સ્વરૂપના ક્રમબદ્ધ પ્રશ્નો પૂછીને માહિતી મેળવી છે. અભ્યાસ હેઠળના દરિયાકાંઠાના લોકોમાં સામાન્ય કૌટુંબિક, આર્થિક, સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક તેમજ સ્વાધ્યાય પ્રવૃત્તિ દ્વારા આવેલાં પરિવર્તન વિશે પ્રશ્નો પૂછીને ઉત્તરદાતા પાસેથી સચોટ માહિતી મેળવવામાં આવશે.

૭.૩ નિદર્શનની પસંદગી

નિદર્શન એટલે સમષ્ટિના અમુક એકમોનો ભાગ, સંશોધન જે જૂથોનો અભ્યાસ કરવા માંગતા હોય તે અભ્યાસ હેઠળના જૂથને સમષ્ટિ કહેવાય.

## VIII. સંશોધન અભ્યાસનું મહત્વ

દરેક સંશોધનને પોતાને આગવું મહત્વ હોય છે, તેમ પ્રસ્તુત અભ્યાસનું મહત્વ નીચે મુજબ છે.

૮.૧ પ્રસ્તુત અભ્યાસ સ્વાધ્યાયી થયા પૂર્વે અને પછીનું જીવન જાણવા ઉપયોગી થઈ શકશે.

૮.૨ આ સંશોધન દ્વારા સ્વાધ્યાયથી સામાજિક ક્ષેત્રે થયેલી અસરો જાણી શકાય, તેથી તેનું મહત્વ છે.

૮.૩ આ સંશોધનથી વ્યકિત, કુટુંબ સમાજ અને રાષ્ટ્રમાં સ્વાધ્યાય પ્રવૃત્તિથી આવેલું પરિવર્તન જાણી શકાશે,
તેથી તે મહત્વ પૂર્ણ છે.

૮.૪ આ સંશોધન દ્વારા સ્વાધ્યાય પ્રવૃત્તિમાં ચાલતા વિવિધ કેન્દ્રોની માહિતી ઉપયોગી બનશે, તેથી તેનું મહત્વ
રહેલું છે.

૮.૫ પ્રસ્તુત સંશોધન અભ્યાસ સ્વાધ્યાય પ્રવૃત્તિની અસર હેઠળ કુટુંબજનોના જીવનને જાણવા ઉપયોગી બનશે,
તે દષ્ટિએ તેનું મહત્વ રહેલું છે.

## IX. માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ

ક્ષેત્રકાર્ય દરમિયાન વૈજ્ઞાનિક પદ્ધતિના ઉપયોગ દ્વારા એકત્રીત કરેલી વિષય સંબંધિત માહિતીનું સંશોધકે જાણવાનો પ્રયત્ન કર્યો છે અને અહીં તેનું વર્ગીકરણ અને વિશ્લેષણ નીચે મુજબ કરવામાં આવ્યું છે.

ઉત્તરદાતાની જ્ઞાતિ દર્શાવતું કોષ્ટક

કોષ્ટક : ૧

| ક્રમ | જ્ઞાતિ | ઉત્તરદાતા | ટકા |
|---|---|---|---|
| ૧ | જનરલ | - | - |
| ૨ | ઓ.બી.સી. | ૦૪ | ૦૮% |
| ૩ | એસ.ટી. | ૪૬ | ૯૨% |
| | કુલ | ૫૦ | ૧૦૦% |

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસ માટે પસંદગી પામેલાં ૯૨ % ઉત્તરદાતા એસ.ટી. જ્ઞાતિના છે, ઓ.બી.સી. ૦૮% ઉત્તરદાતા છે, જેમાં આદિવાસી સમાજ અને અન્ય જ્ઞાતિનો સમાવેશ થાય છે.

ઉત્તરદાતાનો અભ્યાસ દર્શાવતું કોષ્ટક

કોષ્ટક : ૨

| ક્રમ | અભ્યાસ | ઉત્તરદાતા | ટકા |
|---|---|---|---|
| ૧ | નિરક્ષર | ૦૦ | - |
| ૨ | પ્રાથમિક | ૦૫ | ૧૦% |
| ૩ | માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક | ૩૫ | ૭૦% |
| ૪ | સ્નાતક-અનુસ્નાતક | ૦૬ | ૧૨% |
| ૫ | અન્ય | ૦૪ | ૦૮% |
| | કુલ | ૫૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક પરથી જાણવા મળે છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતામાંથી કોઈ ઉત્તરદાતા નથી, નિરક્ષર જયારે ૧૦% ઉત્તરદાતાઓએ પ્રાથમિક શિક્ષલ અને ૭૦% ઉત્તરદાતાઓએ માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ મળેલ છે. ૧૨% સ્નાતક-અનુસ્નાતક કક્ષાનું શિક્ષણ મેળવેલ ઉત્તરદાતા છે. અને અન્ય શિક્ષણ મેળવેલ ૦૮% ઉત્તરદાતા જોવા મળે છે.

ઉત્તરદાતાનો વ્યવસાય દર્શાવતું કોષ્ટક

કોષ્ટક : 3

| ક્રમ | વ્યવસાય | ઉત્તરદાતા | ટકા |
|---|---|---|---|
| ૧ | ખેતી | ૧૦ | ૨૦% |
| ૨ | કડીયા કામ | ૨૦ | ૪૦% |
| ૩ | વેપાર | ૦૫ | ૧૦% |
| ૪ | નોકરી | ૧૫ | 30% |
| | કુલ | ૫૦ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટક પરથી જાણવા મળે છે કે અભ્યારી હેઠળના ઉત્તરદાતામાંથી ૨૦% ઉત્તરદાતાઓ એવાં છે કે જેઓ ખેતી કરે છે, જયારે ૨૦% ઉત્તરદાતા કડીયા કામ કરે છે, તેમજ ૧૦% ઉત્તરદાતા વેપાર-ધંધો કરે છે અને 30% ઉત્તરદાતા એવાં છે, કે જેઓ નોકરી કરે છે.

ઉત્તરદાતાના કુટુંબમાં વ્યસની છે કે તે દર્શાવતું કોષ્ટક

કોષ્ટક નં : ૪

| ક્રમ | વ્યસની | ઉત્તરદાતા | ટકા |
|---|---|---|---|
| ૧ | વ્યસન મુક્ત | ૪૫ | ૯૦% |
| ૨ | દારૂ | - | - |
| ૩ | જુગાર | - | - |

| | | | |
|---|---|---|---|
| ૪ | બીડી | - | = |
| ૫ | માવા ગુટકા | ૦૫ | ૧૦% |
| | કુલ | ૫૦ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટક પરથી જાણવા મળે છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાના કુટુંબમાં ૯૦% કુટુંબમાં વ્યસન જોવા મળતું નથી. બાકીના ઉત્તરદાતાના કુટુંબમાં દારૂ પ્રમાણ એકપણ નથી અને જુગારનું પ્રમાણ એકપણ નથી, તેમજ બીડીનું પ્રમાણ ૦૬% છે. જયારે માવા-ગુટખાનું પ્રમાણ ૧૦% છે.

સ્વાધ્યાયથી ઝઘડા બંધ થાય છે કે તે દર્શાવતું કોષ્ટક

કોષ્ટક : ૫

| ક્રમ | ઝઘડા બંધ થાય | ઉત્તરદાતા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૫૦ | ૧૦૦% |
| ૨ | ના | - | - |
| | કુલ | ૫૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોપ્ટક પરથી પ્રાપ્ત થતી માહિતી ઉપરથી ૧૦૦% ઉત્તરદાતા કહે છે કે સ્વાધ્યાયથી અમારા કુટુંબમાં વિખવાદ, ઝઘડાઓ બંધ થયા છે.

ઉત્તરદાતા કુટુંબ પ્રાર્થના કરે છે કે તે દર્શાવતું કોષ્ટક

કોષ્ટક નં : ૬

| ક્રમ | પ્રાર્થના | ઉત્તરદાતા | ટકા |
|---|---|---|---|
| ૧ | સાયં પ્રાર્થના | ૦૮ | ૧૬% |
| ૨ | પ્રાતઃ પ્રાર્થના | ૦૫ | ૧૦% |
| 3 | એકપણ નહીં | ૩૭ | ૭૪% |
| | કુલ | ૫૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક દ્વારા જાણવા મળે છે, કે અભ્યારા હેઠળના ઉત્તરદાતામાંથી ૧૬% ઉત્તરદાતાના કુટુંબમાં સાંયપ્રાર્થના થાય છે, જયારે ૧૦% ઉત્તરદાતાના થરે પ્રાતઃપ્રાર્થના થાય છે અને ૭૪% ઉત્તરદાતાના ઘરમાં એકપણ પ્રાર્થના થતી નથી.

ઉત્તરદાતાની બૌનિક બીજવસ્તુઓ દર્શાવતું ક્રીપ્ટક

કોષ્ટક નં : ૭

| ક્રમ | ભૌતિક ચીજ વસ્તુઓ | ઉત્તરદાતા | ટકા |
|---|---|---|---|
| ૧ | ટીવી | ૨૫ | 50% |
| ૨ | ફ્રિજ | ૧૦ | ૨૦% |
| 3 | મોબાઈલ | ૫૦ | ૧૦૦% |
| ૪ | એરકન્ડીશન | - | - |
| ૫ | કમ્પ્યુટર | ૦૨ | ૦૪% |
| ૬ | વર્તમાનપત્ર | ૦૧ | ૦૨% |
| ૭ | રેડિયો | - | - |

ઉપરોકત કોષ્ટક પરથી જાણવા મળે છે, કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતામાંથી ૫૦% ઉત્તરદાતાના ઘરે ટી.વી. છે અને ૨૦% ઉત્તરદાતાના ઘરે ફ્રિજ અને ૧૦૦% ઉત્તરદાતા પાસે મોબાઈલ છે. જયારે ૪% ઉત્તરદાતા પારી કમ્પ્યુટર છે. ૦૨% ઉત્તરદાતાના ઘરે વર્તમાનપત્ર આવે છે અને ઉતરદાતાના ઘરે રેડિયો નથી.

ઉત્તરદાતા અંધશ્રદ્ધામાં માને છે કે તે દર્શાવતું કોષ્ટક

કોષ્ટક : ૮

| ક્રમ | અંધશ્રદ્ધા માને છે? | ઉત્તરદાતા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૦૨ | ૦૨% |
| ૨ | ના | ૪૮ | ૯૮% |
| | કુલ | ૫૦ | ૧૦૦% |

ઉપરોકત કોપ્ટક પરથી જાણવા મળે છે કે અભ્યાશ હેઠળના ઉત્તરદાતામાંથી ૦૨% ઉત્તરદાતા
અંધશ્રદ્ધામાં માને છે અને ૯૮% અંધશ્રદ્ધામાં માનતા નથી.

## X. સંશોધન અભ્યાસના તારણો

પ્રસ્તુત સંશોધન અભ્યાસનો મુખ્ય ઉદેશ સ્વાધ્યાય પ્રવૃત્તિ સાથે જોડાયેલા લોકોમાં શું પરિવર્તન
આવ્યું છે ? તે તપાસવનો છે, જે નીચે પ્રમાણે દર્શાવી શકાય.

૧૦.૧પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસ માટે પસંદગી પામેલાં ૯૮% ઉત્તરદાતા એસ.ટી. સમાજના છે, જેમાં સૌથી વધુ
આદિવાસી છે, તેમજ થોડા બીજી જ્ઞાતિનો સમાવેશ થાય છે.

૧૦.૨ પ્રસ્તુત અભ્યાસ હેઠળના અભ્યાસમાં માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ પ્રમાણ ૭૦% છે, જયારે અને
૨૬% ઉત્તરદાતાઓ નિરક્ષર છે. શિક્ષણ સ્તર ઉત્તરદાતા ઓછું જોવા મળે છે.

૧૦.3 પ્રસ્તુત અભ્યાસ હેઠળના ઉત્તરદાતામાંથી ૩૨% ઉત્તરદાતાઓ એવાં છે કે જેઓ ખેતી કરે છે, જયારે ૬૦% ઉત્તરદાના કડીયાકામ કરે છે. કડીયાકામ કરતા ઉત્તરદાતાનું પ્રમાણ વધુ જોવા મળે છે.

 ISSN: 2349-6002

૧૦.૪ પ્રસ્તુત અભ્યાસ હેઠળના ઉત્તરદાતાના કુટુંબમાં વ્યસનનું પ્રમાણ ઓછું જોવા છે, તેનું કારણ સ્વાધ્યાથી
કુટુંબમાં સમજણ, ભાવપ્રેમ તેમજ ઘરમાં થતી કુટુંબ પ્રાર્થનાનું મહત્વ સવિશેષ રહે છે.

૧૦.૫ પ્રસ્તુત અભ્યાસ હેઠળના ઉત્તરદાતામાંથી ૧૬% ઉત્તરદાતાના કુટુંબમાં સાયં પ્રાર્થના થાય છે, જયારે ૧૦% ઉત્તરદાતાના ઘરે પ્રાત:પ્રાર્થના થાય છે. પ્રસ્તુત અભ્યાશ પરથી જાણવા મળે છે કે કુટુંબ પ્રાર્થનાથી ઘરમાં
એકતા નિર્માણ થાય છે અને વડિલો પ્રત્યે માન જળવાય રહે છે.

૧૦.૬ પ્રસ્તુત અભ્યાસ હેઠળના ઉત્તરદાતા પાસે ભૌતિક ચીજવસ્તુઓમાં ૫૦% ઉત્તરદાનાના ઘરે ટી.વી. છે. તેમજ ૧૦૦% ઉત્તરદાતા પાસે મોબાઈલ છે. આમ, આદિવાસી સમુદાયમાં પણ ધીમે-ધીમે ભૌતિક સુખ સગવડના
સાધનોનું પ્રમાણ વધતું જાય છે.

10.૭ પ્રસ્તુત અભ્યાસ હેઠળના ઉત્તરદાતામાંથી ૯૮% ઉત્તરદાતા અંધશ્રદ્ધામાં માનતા નથી. સ્વાધ્યાય પ્રવૃત્તિ સાથે
જોડાર્યવાથી અંધશ્રદ્ધાનું પ્રમાણ ઓછું થયું છે.

## XI. સંશોધન અભ્યાસની મર્યાદા

પ્રસ્તુત સંશોધન અભ્યાસની મુખ્ય મર્યાદા એ છે, કે સ્વાધ્યાય પ્રવૃત્તિ તો વિશ્વ વ્યાપી છે, પરંતુ અહીં સંશોધન દ્વારા સમય અને નાણાંકીય ખર્ચને ધ્યાનમાં રાખીને માત્ર છોટા ઉદેપુર જિલ્લાના વિસાડી ગામને જ સંશોધન ક્ષેત્રે આવરી લેવામાં આવશે.

૧૨. ઉપકલ્પનાની ચકાસણી

સંશોધનના અંતે ઉપકલ્પનાની ચકાસણી કરવી એ માત્ર આવશ્યક જ નહીં, અનિવાર્ય પણ છે, નીચે મુજબ છે.

૧૨.૧ સ્વાધ્યાય પ્રવૃત્તિથી આદિવાસી સમુદાયમાં સામાજિક પરિવર્તન આવેલું છે.

- આ ઉપકલ્પનાની સાચી ઠરી છે, જેનું સમર્થન કોષ્ટક :૭ આપે છે.

૧૨.૨ સ્વાધ્યાય પ્રવૃત્તિથી આદિવાસી સમુદાયમાં શૈક્ષણિક સ્તર ઉંચું આવ્યું છે.

- આ ઉપકલ્પનાની સાચી ઠરી છે, જેનું સમર્થન કોષ્ટક :૨ આપે છે. સ્વાધ્યાયની સમજણથી શૈક્ષણિક સ્તર ઉંચું આવ્યું છે.

૧૨.૩ સ્વાધ્યાય પ્રવૃત્તિ આદિવાસી સમુદાયમાં ધાર્મિક પ્રવૃત્તિમાં બદલાવ આવેલ છે.

- આ ઉપકલ્પનાની સાચી ઠરી છે, જેનું સમર્થન કોષ્ટક:૬ આપે છે. સ્વાધ્યાયથી સાચી ધાર્મિક બાબત ધ્યાનમાં આવી. સ્વાધ્યાયના પ્રયોગ કુટુંબ પ્રાર્થનાથી ઘરમાં ઐકયતા નિર્માણ થાય છે અને વડિલો પ્રત્યે માન જળવાય રહે છે.

૧૨.૪ સ્વાધ્યાય પ્રવૃત્તિથી આદિવાસી સમુદાયમાં સાંસ્કૃતિક પરિવર્તન આવેલું છે.

- આ ઉપકલ્પનાની સાચી ઠરી છે, જેનું સમર્થન કોષ્ટક :૮ આપે છે. સ્વાધ્યાય પ્રવૃત્તિ સાથે જોડાયેવાથી અંધશ્રદ્ધાનું પ્રમાણ ઓછું થયું છે.

## XII. ઉપસંહાર

ઉપરોકત બાબતો પરથી સ્પષ્ટ થાય છે કે સંશોધન એ કોઈપણ સમાજ કે રાષ્ટ્રનું સારુ દિશાસૂચક છે. આ સંશોધન અભ્યાસના હેતુઓ, ઉપકલ્પનાઓ, સંશોધનક્ષેત્ર, અભ્યાસ પદ્ધતિઓ અને પુસ્તિકાઓ, માહિતી એકત્રીકરણના સ્રોતો, સંશોધનનું વ્યકિત, સમાજ અને રાષ્ટ્ર માટે મહત્વ તથા મર્યાદા જેવાં વિવિધ સંશોધન પાંસાઓની વિસ્તૃત ચર્ચા પરથી ફલિત થાય છે, કે આદર્શ અને સુદ્દઢ સમાજના નિર્માણ માટે વ્યકિત સમાજ અને રાષ્ટ્રને ખરા અર્થમાં સ્વાધ્યાયી થવું જોઈએ અને ઈચ્છિત દિશામાં વિકાસ સાધવો જોઈએ.

## સંદર્ભસૂચિ


[1] શાહ એ.જી. અને દવે.જ.કે. સામાજિક સંશોધન પદ્ધતિઓ, રચના પ્રકાશન, ૧૯૯૧.પાંડુરંગશાસ્ત્રી આઠવલે

[2] -પાંડુરંગશાસ્ત્રી આઠવલે સંસ્કૃતિ ચિંતન', સદવિચાર દર્શન, નિર્મલ નિકેતન, મુંબઈ, ૨૦૦૨.

[3] -પાંડુરંગશાસ્ત્રી આઠવલે સંસ્કૃતિ વિચારધારા', સદવિચાર દર્શન, નિર્મલ નિકેતન, મુંબઈ,૨૦૦૫

[4] -ઝવેરી એમ.કે.-સામાજિક પરિવર્તન', ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

[5] -પાંડુરંગશાસ્ત્રી આઠવલે-સંસ્કૃતિ પૂજન', સદવિચાર દર્શન નિર્મલ નિકેતન, મુંબઈ, ૨૦૦૫.

[6] -શ્રીનિવાસ એમ.એન.-ભારતીય ગ્રામ્ય જીવન', રચના પ્રકાશન, અમદાવાદ.